ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગાંધીનગરની કઈ શાળામાં કેટલા ટકા પરિણામ

શાળા	કેટલા બેઠા	કેટલા ઉત્તિર્ણ	શાળાનું પરિણામ	A-1-ગ્રેડના વિદ્યાર્થીઓ
ઈન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ	૬૦૨	૫૮૪	૯૭	૨
સ્કૂલ ઓફ એચિવર્સ	૭૪૮	૭૦૩	૯૩.૯૮	૭
ક્રિશ્ના સ્કૂલ ઓફ સાયન્સ	-	-	૯૩.૫૪	૨
શેઠ સી.એમ. વિદ્યાલય સે. ૨૩	૩૩૬	૨૯૭	૮૮.૪૦	૬
આર.સી. પટેલ સ્કૂલ	૨૮૨	૨૧૨	૭૫.૧૮	-
એમ.બી.પટેલ (ઈ.મીડીયમ)	૧૦૮	૭૮	૭૨.૨૨	-
આર.જી. કન્યા વિદ્યાલય સે. ૨૩	૧૩૯	૮૪	૬૦.૪૩	-

શહેરમાં વરસાદી પાણીના નિકાલની અસરકારક વ્યવસ્થા ગોઠવવા તાકીદ

ગટરલાઈનો અને સ્ટ્રોમવોટર લાઈનોની સાફ સૂફી કરવા માટે તંત્રને તાકીદ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં સરકારી કચેરીઓના ધાબાઓ પર વરસાદી પાણીનો નિકાલ થઈ જાય તે જોવા તેમજ પાણીનો ભરાવો ના થાય તે રીતે ગટરલાઈનો અને સ્ટ્રોમવોટર લાઈનોની સાફ સૂફી કરવા માટે આજે મ્યુનિ. કમિશનરશ્રી ખરસાણે તંત્રને તાકીદ કરી છે.

હાલ શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલી બાંધકામની પ્રવૃત્તિ દરમ્યાન ખોદવામાં આવેલા ખાડાઓ પૂરવા તેમજ જૂન બાદ નવા ખોદકામો થાય નહિ તે જોવા પણ જણાવ્યું છે.

પ્રિ. મોન્સુન પ્લાન અમલીકરણને લઈ તેમણે વરસાદી પાણીના અસરકારક નિકાલ પર વિશેષ ભાર મુક્યો હતો. તેમણે સિવીલ સત્તાવાળાઓને પણ જરૂરી દવાઓનો જથ્થો તેમજ એમ્બ્યુલન્સ સેવાઓ માટે પણ જણાવ્યું હતું.

કમિશનરશ્રી ખરસાણે બંધ સરકારી મકાનોના ધાબાઓની સફાઈ માટે પણ ખાસ ઝુંબેશ હાથ ધરવા તેમજ આવા મકાનોની ટાંકીઓ ખુલ્લી ના રહે તે જોવા ખાસ જણાવ્યું હતું. આજની આ બેઠકમાં શહેરની જવાબદારી સંભાળતી વિવિધ કચેરીઓના ઉચ્ચ અધિકારીઓ તેમજ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજે બાર કાઉન્સીલની ચૂંટણી વકીલો બાર રૂમમાં મતદાન કરશે

શહેરના અંદાજિત ૫૫૩ વકીલો મતદાન કરશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત બાર કાઉન્સિલના સભ્યોની આજે રસપ્રદ ચૂંટણઈ યોજાશે. ગાંધીનગર જિલ્લાના ચાર તેમજ શહેરના બે વકીલોએ પણ આ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હોવાથી વકીલોમાં ચૂંટણીલક્ષી ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. ડિસ્ટ્રીક્ટ કોર્ટના બાર રૂમમાં આજે સવારે ૧૦ થી ૬ કલાક દરમિયાન મતદાનની પ્રક્રિયા હાથ ધરાશે.

ગુજરાત બાર કાઉન્સિલના સભ્યોની રસપ્રદ ચૂંટણીને અનુલક્ષી વકીલ ઉમેદવારો પ્રચાર કાર્યમાં વ્યસ્ત જોવા મળતા હતા. જ્યારે ચૂંટણી પ્રક્રિયાને અનુલક્ષી આજે ડિસ્ટ્રીક્ટ કોર્ટના બારરૂમમાં સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૬ કલાક સુધી મતદાનની પ્રક્રિયા હાથ ધરાશે. જ્યારે ચૂંટણીને લઈને ચૂંટણી અધિકારી તરીકે નિયત જજની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લાના ચાર વકીલોએ આ ચૂંટણીમાં જંપલાવ્યું છે. જિલ્લામાં અંદાજિત ૨૫૦૦ જેટલા વકીલ મતદારો મતદાન કરશે. શહેરમાં પણ ૧૫૫૩ જેટલા નોંધાયેલા વકીલ મતદારો હોવાની વિગત પ્રાપ્ત થઈ છે. બાર કાઉન્સિલની આ ચૂંટણીમાં ગાંધીનગર કોર્ટના વકીલ ધર્મેન્દ્ર રાવલ તેમજ બી.આર. શર્માએ પણ ઉમેદવારી નોંધાવી છે.

જી ના, આ કોઈ ગ્રામ વિસ્તારની જૂની ઈમારતની તસવીર નથી. આ તસવીર ગાંધીનગર શહેરના હાર્દ સમા સેક્ટર-૨૩માંથી જ લેવામાં આવી છે. અનેક રજૂઆતો ને અનેક ફરિયાદો પછી પણ આવાં બિસ્માર સરકારી મકાનો માટે તંત્ર કોઈ જ પગલાં લેતું નથી. ન તો આવાં મકાનોની મરામત કરાવાય છે કે ન તો આવાં મકાનો પાડીને નવાં બનાવાય છે. એ કારણે મકાનો છે તોય કોઈને ઉપયોગમાં નથી આવતાં એવી પરિસ્થિતિ ઊભી થાય છે. **(તસવીર : દીપક જાની)**

ખૂણે ખાંચરેથી

● આજે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક બપોરે ૩ વાગે મનપાના સભાખંડમાં મળશે ● ગાંધીનગર શહેરમાં સરળ પ્રશ્નપત્રો પછી ઉંચા પરિણામની આશાઓ રાખતા વાલીઓમાં નિરાશા વધુ જોવા મળી હતી. ● આજે બાર એસો. ઓફ ગુજરાતની ચૂંટણીનું મતદાન છે. ● ૧૫-૧૬ મે દરમ્યાન સીધી ભરતીથી પસંદગી પામેલા મામલતદાર સંવર્ગના અધિકારીઓની પરીક્ષા યોજાશે. ● તલાટી કમ મંત્રી તરીકે પસંદગી થયેલ અને નિમણુંક પામેલા ૪૦ જેટલા તલાટીઓની આજથી ખાતાકીય પરીક્ષા શરૂ થઈ છે. ● ગાંધીનગર તાલુકાના પેથાપુર કસ્બાના ૨૫૦થી વધુ મુસ્લીમ કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા છે.

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ પ્રથમ નજરે

ક્રમ	વિગત	પરિણામ
૧	ગુજરાતી માધ્યમના ઉમેદવારોની પરિણામની ટકાવારી	૬૭.૦૭
૨	અંગ્રેજી માધ્યમના ઉમેદવારોની પરિણામની ટકાવારી	૭૩.૪૨
૩	વિદ્યાર્થીઓનું પરિણામ (Male)	૬૬.૫૪
૪	વિદ્યાર્થીનીઓનું પરિણામ (Female)	૭૦.૧૮
૫	A-ગ્રુપના ઉમેદવારોનું પરિણામ	૭૦.૩૬
૬	B-ગ્રુપના ઉમેદવારોનું પરિણામ	૬૨.૪૦
૭	AB ગ્રુપના ઉમેદવારોનું પરિણામ	૨૫.૪૨
૮	A1 ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારોની સંખ્યા	૩૦૨
૯	A2 ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારોની સંખ્યા	૪,૭૩૦
૧૦	૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ	૨૮
૧૧	વધુ પરિણામ ધરાવતો જિલ્લો - આણંદ	૮૬.૩૩
૧૨	વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર - ડાકોર	૯૮.૩૪
૧૩	ઓછું પરિણામ ધરાવતો જિલ્લો - ડાંગ	૨૭.૪૮
૧૪	ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર - વાંસદા	૨૧.૫૮
૧૫	૧૦ ટકા કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા	૪૫
૧૬	ગેરરીતિના કેસની સંખ્યા	૩૦
૧૭	Differently abled ઉમેદવારોની સંખ્યા	૧૩૩
૧૮	૨૦ ટકા પાસિંગ સ્ટાન્ડર્ડથી પાસ થનાર Differently abled ઉમેદવારની સંખ્યા	૨૯

ગાંધીનગરના ટોપર્સની યાદી

શાળા	ટોપર્સનું નામ	મેળવેલ ગુણ
સૌરભ આર. પટેલ	ઈન્ફોસિટી જુ. સાયન્સ કોલેજ	૪૭૨/૫૦૦
મેઘ દોશી	સ્કૂલ ઓફ એચીવર	૪૭૦/૫૦૦
ભાવિક મકવાણા	સ્કૂલ ઓફ એચીવર	૪૬૪/૫૦૦
મહિપાલ રાઓલ	સ્કૂલ ઓફ એચીવર	૪૬૪/૫૦૦
આસ્થા પટેલ	સ્કૂલ ઓફ એચીવર	૪૬૨/૫૦૦
પાર્થ એસ. પટેલ	સે. ૨૩ શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૫૯/૫૦૦
ઈલેશ ટાંક	સ્કૂલ ઓફ એચીવર	૪૫૮/૫૦૦
હિરેન પટેલ	સ્કૂલ ઓફ એચીવર	૪૫૭/૫૦૦
વિવેક યશવંતસિંહ સોલંકી	સે. ૨૩ શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૫૬/૫૦૦
વત્સલ એમ. પટેલ	ઈન્ફોસિટી જુ. સાયન્સ કોલેજ	૪૫૫/૫૦૦
જયમીન નરેશ મિસ્ત્રી	સે. ૨૩ શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૫૩/૫૦૦
મયંક પટેલ	સ્કૂલ ઓફ એચીવર	૪૫૩/૫૦૦
કમલેશ મહેશભાઈ ભટ્ટ	સે. ૨૩ શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૫૨/૫૦૦
પ્રતિક સુરેશભાઈ પ્રજાપતિ	સે. ૨૩ શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૫૧/૫૦૦
તુષાર રાકેશભાઈ પટેલ	સે. ૨૩ શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૫૧/૫૦૦

● ગુરૂવાર સાંજ સુધીમાં ઉપલબ્ધ માહિતી અનુસાર

ઈજનેરી-ફાર્મસીમાં અંદાજે ૧૫૦૦૦ સીટ ખાલી રહેશે

૫૮૫૦૦ બેઠકોની સામે ૪૮૯૦૦ વિદ્યાર્થી પ્રવેશ માટે લાયક : મેડીકલમાં બે ટકા મેરીટ નીચુ જવાની સંભાવના

અમદાવાદ, તા.૧૦

ગત વર્ષ કરતા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ઘટાડો થતાં ચાલુવર્ષે પણ ઈજનેરી અને ફાર્મસીના અભ્યાસક્રમોમાં ૧૫૦૦૦ સીટો વધવાની શક્યતા સેવાઈ રહી છે. જ્યારે મેડીકલમાં પણ બે ટકા મેરીટ નીચુ જવાની શક્યતા છે. પ્રવેશ પ્રક્રિયા પહેલાના ચિતારથી સંચાલકો ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર ગતવર્ષે એન્જિ.માં ૫૪૦૦, ફાર્મસી ૪૨૦૦ અને ડિપ્લોમાં ફાર્મસીમાં ૫૫૦ બેઠકો મળી આસરે ૧૦,૦૦૦ બેઠકો ખાલી રહી હતી. ચાલુવર્ષે ઈજનેરીમાં ૪૪૩૬૩, ફાર્મસી ૬૧૨૧ અને ડિપ્લો ફાર્મસીની ૬૨૦ મળી ૫૦,૦૦૦ની આસપાસ બેઠકો હતી. આ બેઠકોમાં વધારો થતાં હાલ ઈજનેરીમાં ૪૯૪૨૩ બેઠકો થતાં અંદાજે ૫૦૬૦ બેઠકો વધી જ્યારે ફાર્મસીમાં ૬૦૬૧ બેઠકો ૬૦ ઘટી

● અનુસંધાન પાન-૭ પર

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ટોપર્સ

ગાંધીનગર, તા. ૧૦

શહેરમાં કાર્યરત ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજનું ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ઘણું જ પ્રોત્સાહક આવ્યું છે. શાળા પરિવારે સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

ક્રમ	વિદ્યાર્થીનું નામ	પર્સેન્ટાઈલ
૧	પટેલ સૌરભ આર	૯૯.૯૯
૨	પટેલ વત્સલ એમ	૯૯.૯૬
૩	યોગીથરા ફરહીન એ	૯૯.૯૧
૪	કંસાગરા શ્યામ વી	૯૯.૮૨
૫	રાજપુત કુશ યુ	૯૯.૮૦
૬	પટેલ મૌલિક પી	૯૯.૭૫
૭	પટેલ મીત એસ	૯૯.૫૭
૮	પટેલ સચિન આર	૯૯.૩૨
૯	ઠક્કર હરિત આર	૯૯
૧૦	પાઠક મોહિત વી	૯૮.૯૭

ત્રણ સર્જરી બાદ પણ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉજ્જવળ દેખાવ

ગાંધીનગર, તા.૧૦

અકસ્માત બાદ આંખ પર ત્રણ ત્રણ સર્જરી થઈ હોવા છતાં સ્કુલ ઓફ એચિવરના આકાશ ડી. પરમારે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ-૨ ગ્રેડ મેળવી ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કર્યું છે. આકાશને તેના પરિવાર અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

કુ. અર્ચિતા પટેલનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના જાણીતા તબીબ ડૉ. રમણભાઈ પટેલની દિકરી અર્ચિતાએ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉજ્જવળ પરિણામ મેળવી પરિવારનું તથા શહેરનું ગૌરવ વધાર્યું છે. સી. એમ. વિદ્યાલયમાંથી ઉત્તિર્ણ થનાર કુ. અર્ચિતા પટેલે વિજ્ઞાનના ૩૦૦ ગુણમાંથી ૨૮૦ ગુણ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૨-૫-૧૨, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સન ઈલેક્ટ્રોનિક્સ, સેક્ટર-૨૬, જીઆઈડીસીનો વિસ્તાર

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

ગાંધીનગરમાં ગુરૂવાર મોસમનો સૌથી ગરમ દિવસ

ગાંધીનગર, તા.૧૦

ઉનાળો આકરા મિજાજે છે. છેલ્લા બે ત્રણ દિવસથી વધી રહેલો ગરમીનો પારો આજે ૪૧.૬ ડિગ્રી સુધી પહોંચી જતાં આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા હોય તેવું વાતાવરણ સર્જાયું હતું.

વૈશાખના બળબળતા દિવસોની અનુભૂતિ વસાહતીઓને થઈ રહી છે. આકાશમાંથી જાણે અંગારા વરસી રહ્યા છે. સૂર્યોદય સાથે જ ગરમી પડવાની શરૂ થઈ જાય છે. આજે ગુરૂવારે બપોરે મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી સુધી પહોંચી જતાં વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. વસાહતીઓ આજ સવારથી જ ઘરમાં પુરાઈ રહ્યા હતાં.

બપોરથી છેક સાંજ સુધી સતત લૂ ફૂંકાતા રાહદારીઓ અને વાહનચાલકો હેરાન પેરશાન થઈ ગયા હતા. આકરી ગરમીના કારણે માર્ગો તો સુમસામ થઈ જ ગયા હતા પરંતુ બજારોમાં પણ કેટલાક દુકાનદારોએ બે ત્રણ કલાક બપોરે દુકાનો બંધ કરી દીધી હતી. છેક સાંજે બજારોમાં થોડીક ચહલપહલ જોવા મળી હતી. દ્વિચક્રી વાહનચાલકો ટોપી, રૂમાલ વિંટીને જતાં નજરે પડતા હતા. રાત્રે લઘુત્તમ તાપમાન પણ ૨૮.૮ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓને ૨૪ કલાક પંખા/કુલર ચલાવવાની ફરજ પડી છે. સતત પંખા/કુલર ચાલતા વિજળીનો વપરાશ પણ ખુબ વધ્યો છે. કચેરીઓ ચાલુ હોય ત્યારે બપોરે કયારેક વધુ વપરાશના કારણે વિજળી ટ્રીપ થવાના બનાવો પણ બને છે. અસહ્ય ગરમીના કારણે એસીની ડિમાન્ડમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. એસી માટે બે ત્રણ દિવસનું અને ફિટીંગ માટે અઠવાડિયાથી પંદર દિવસનું વેઈટીંગ છે.

ગરમીની અસર જેમ માનવજીવન પર થઈ છે તેમ ગાંધીનગરના પ્રાકૃતિક વાતાવરણમાં રહેતા પશુ પંખીઓ પણ ગરમીથી એકદમ ત્રસ્ત બન્યા છે. મોર-પોપટ-કબૂતર જેવા પક્ષીઓ તો દેખાતા જ નથી. જ્યારે વાંદરાઓ-નીલગાય જેવા પ્રાણીઓ છાંયડો-પાણી શોધી એક જ જગ્યાએ બેસી રહે છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના પ્રાણીઓ-પક્ષીઓને આકરી ગરમીથી રાહત આપવા પાણીનો સતત છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

તસવીર : દિપક જાની

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

News Paper Ads. • Logo - Symbol • Stationery
Hoarding • Banners • Poster
Invitation Card • Books • House Magazine
PARAM CREATIONS
707, Shalin Complex, Sector 11, Gandhinagar. Ph. : 079-23243644.
we design your desire...



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com